નિમક હરામ

નંદસિંહનું કાવત્રું અને કપટ જાળ.

વિજયસિંહનો.

અંતે સત્યનો સૂર્ય પ્રકાશ.

ભાગ ૨ જો.

મનોરંજન અદભુત રસની વાર્તા.

રચનાર કવિ હર્ષદરાય સુંદરલાલ મુનશી.

પ્રસિદ્ધ કરનાર.
પંચાલ. શિવલાલ દયારામ.

આવૃતી ૨ જી. પ્રત ૨૦૦૦.

અમદાવાદ-ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
પટેલ. ભીખાભાઇ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૬ સન ૧૯૧૦

મૂલ્ય મફત.

નિમકહરામ

નંદસિંહનું કાવત્રુ

અને

કપટજાળ.

ભાગ ૨ જો.

હવે વિજયસિંહની અજાયબીનો કાંઈ પાર રહ્યો નહી. કેમકે એજ લાશને તેણે ત્યાંથી એકવાર ઉઠાવીને જમીનમાં દાટી દેવાને એકાન્ત સ્થળે લઈ ગયો હતો, અને માળીની ઝુંપડીમાંથી કોદાળો લઈને આવ્યો ત્યારે તે લાશ ત્યાં તેને મળિ નહોતી, છતાં એજ લાશ જે મંડપ આગળ દીઠી હતી તે માંડવા આગળ જોવામાં આવે છે. આ પ્રમાણે વિચિત્ર બનેલા બનાવ માટે તે ઘણાજ ઉંડા વિચારમાં ગુંચાઈ ગયો. કે જેમા તેને કાંઈ પ્રકારનો તર્ક કિંવા અનુમાન કરવાને માર્ગ જડ્યો નહી. તથી તે લાશ જોઈને સ્તબ્ધ થઈ ગએલો ટગર ટગર જોવા લાગ્યો.

મહારાજા સાહેબના માણુસો આ લાશને જોઇને ગાભરા બની ગયેલા રોવા અને ચીસ પાડવા લાગી ગયા, તે વખતે વારંવાર છાતી ઉપર હાથનો પ્રહાર કરવા લાગ્યા, નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી, એ પ્રકારે એ લોકોએ પુષ્કળ ધાંધલ મચાવી દીધું. તે અવાજથી આજુબાજુ ઝુંપડીયોમાં નિઃશંકપણે સુતેલા માળી લોકો ઝબકીને જાગી ઉઠયા, અને દોડતા દોડતા આ ઠેકાણે આવી કુમારની લાશને જોઇને બહુ ભય પામેલા બીજાની માફક રોવા લાગી ગયા.

થોડીકવાર સુધી આ પ્રમાણે અત્રે હાહાકાર મચી રહ્યો તે પછી વિજયસિંહે પોતાના બન્ને હાથ ઉપર તે કુમારની લાશને ઉપાડી લીધી અને રોતા કકળતા સૌ રાજાના મહેલ તરફ સત્વરથી (ઉતાવળા) જવા લાગ્યા.

રાજમેહેલ તરફ પહોંચતા સુધી પચાસ–પોણોસો આદમીઓની ભીડ તેમની સાથે થઇ ગઈ—કિલ્લામાં અને શેહેરમાં જોતજોતામાં આ ખબર ફેલાઈ જતાં સર્વત્ર દિલગીરીનો ફેલાવ છવાઈ ગયો હતો.

પ્રકરણ ૩ જું.

—મલિન હૃદયનું ચિત્ર.—

કુંવરની લાશ હાથમાં લઇને વિજયસિંહ તથા પોતાની સાથેના માણુસો સુધાં રાજમહેલના દિવાનખાનામાં જ્યાં રાજા બેઠેલો હતો ત્યાં જઇ પહોંચ્યા;-તે લાશ રાજાની આગળ મુકવામાં આવી, અને તુરતજ પેલા માણુસો ચોધાર આસુ ગેરવતા રોવા લાગ્યા, આ વખતે તે લાશ રાજાની નજરે પડતાં તે તુરત ઓળખી ગયો કે

પોતાના નાહાના છોકરા દિપસિંહની લાશ છે. આ વખતે રાજાની વિચિત્ર હાલત થઇ ગઇ, કેવળ દિલગીરીના સમુદ્રમાં ડુબી ગયેલો હોય તેવો તુરત વિચારશુન્ય થઇ ગયો; એજ વખતે તેના બન્નો નેત્રમાં ક્રોધ અગ્નીએ પ્રવેશ કર્યો; તેથી તેનાં નેત્ર ભયાનક દેખાવા લાગ્યાં, તેનું અંગ ઘણા ક્રોધાવેશથી કંપતું હોય તેમ કંપવા લાગ્યું; અને તે સાથે તેના હોઠ પણ ફરકવા લાગ્યા, ગળામાં શોકશ્રંથીનો ડ્યુરો ભરાઇ ગયો. તેથી એજ વખતે ચોધાર આંસુ નેત્રમાંથી વેહેવા લાગ્યાં. આ વખતે રાજમહેલની રાણીઓ વીગેરેની પણ તેવીજ હાલત થઈ રહી—આખરે રાજાએ પોતાનું મન મજબુત રાખીને વિજયસિંહ ભણી નજર કરીને પૂછવા લાગ્યો.—

રાજા—હાય! મહારા પુત્રની હું છતાં શું આહાવિ વિપરિત દશા! —અરે! એવો મારો શત્રુ કોણ છે કે તેણે મારા પુત્રનો નાશ કર્યો! અરે! આહવું દુષ્ટ કૃત્ય કરનારને હું જમીનની અંદર જીવતો દાટીન તેને તિરંબાજ કરૂં, કિંવા મારી હાથેથીજ તેના તલવારથી ટુકડા કરી નાંખું, અરે હાય! તેવો દુષ્ટ કોણ હશે!—અરે! તેને પકડીને મારી પાસે હાજર કરો.

વિજયસિંહ—મહારાજ! આ અનર્થ કોણે કર્યો હશે! તે હજુ કંઇ જણાઈ આવ્યું નથી.

મહારાજા—(પોતાના માણસો તરફ નજર કરીને) કેમ ગુમાનસિંહ! તમે કાંઈ આ બાબત ચોકસી કરી છે કે!

ગુમાનસિંહ—ના મહારાજ, પણ એટલું તો મહારે જાહેર કરવાની જરૂર પડે છે કે હજુરના હુકમથી જ્યારે અમો વિજયસિંહજીને તેડવા ગયા ત્યારે તેઓ બંગલામાં નહોતા, પણ

વરસાદથી પલળી ગયેલા કપડાં સાથે બગીચામાંથી બંગલામાં જતા અમે જોયા, પણ જ્યારે અમે બંગલામાં પહોંચ્યા ત્યારે તે ઉઘાડા અને ભીના શરીરે ફક્ત ધોતીયું પેહેરી અંદરથી અમારા સામા આવી ઉભા રહ્યા,—અમે તેમને આપનો હુકમ સંભળાવ્યો, તેથી તે પાછા અંદર જઇ ઝટપટ કપડાં પેહેરી અમારી સાથે આવવા લાગ્યા, અને રસ્તે ચાલતાં બગીચાની અંદર દ્રાક્ષના મંડપ પાસે આવતાં એકાએક આ લાશ ત્યાં પડેલી અમારા જોવામાં આવી.

મહારાજા—(કાંઇક મન સાથે કેટલોક વિચાર કરીને) અરે ! વિજયસિંહ તો કેવળ પ્રમાણીક, સદાચારી અને વિશ્વાસપાત્ર છતાં રાજ્યને નિમકહલાલ ગણવામાં આવેલો છે. છતાં કદાચ તમારૂં કહેવું સાચું ઠરે તો વિજયસિંહ ઉપર શક રહિ શકે છે.

ગુમાનસિંહ—આપના તાબેદારની એવી મગદુર નથી કે માહારા સાહેબની સમક્ષ જુઠું બોલે ! આ વખતે આપ કદરદાન સાહેબની આગળ ખુદ વિજયસિંહ હાજર છે માટે આપ તેમનેજ પુછશો કે મારી કહેલી હકિકત ખરી છે કે ખોટી

વિજયસિંહ—(મહારાજા પ્રત્યે હાથ જોડીને) માહારાજ ! આ ગુમાનસિંહજીએ જે વાત આપને વિદિત કરી છે તે વાત ખરી છે કેમકે તેમણે મને શરીરેથી ભીનો અને ખુલ્લા શરીરે બંગલામાં જોયો હતો પણ આ બાળકની લાશ શી રીતે બાગમાં આવી એ હકીકત હું જાણી શક્યો

—પ્રમાણિક વચનો.—

ખાસ તમારા ઉપયોગની છે તે સાંભળો:—

૧ તમે પોતાનો અમુલ્ય વખત ગુમાવીને સોની પાસે કેટલાક દિવસ સુધી જાતે બેસીને સોના રૂપાનું કામ કરાવો છો તેથી એકતો તમારો વખત નકામો જાય છે, અને કારણ કુરણનું કામ કરાવવામાં આવ્યાથી તમારૂં સોનું હલકી કીંમતનું થઇ જાય છે. જેમાં તમે એકે બાબતમાં ફાવી શકતા નથી. અને નકામો વખત ગમાવી બેસો છો.

૨ કેટલીક બાઇયો અને બેહેનો કેવળ અભણ, અજાણી, અને વિશ્વાસુ હોઇને સોના રૂપાના દાગીનાનું કામ કરાવે છે તેમાં તે બેહેનો અને બાઇયોનું કામ કેટલે દરજ્જે જોખમ ભરેલું એટલે બીગાડનું થાય છે. તેના એકથી ઘણા દાખલાઓ જોવામાં આવ્યા છે.

ઉપરની બે બાબતોની હરકતોથી છુટા થવું હોય અને તમારા મન પ્રમાણે જેવો માલ જોઇતો હોય તેવો તેટલી કીંમ્મતનો નિ-ર્ભય અને ચોખ્ખો ગેરન્ટી સાથે અમારી દુકાન નંબર ૩૮૮૫ માં સોના અને ચાંદીના દાગીના મળશે માટે સગવડ ભરેલી તક કદી ભુલ્યુ ચુકતા નહીં, અમારી દુકાને શું શું મળે છે તેની જરૂર પુરતી યાદ આ ચોપડીમાં આગળ પાનામાં જુવો. ઘણા વીસ્તારને માટે લખ્યું નથી પણ સરાસરી સેંકડો પ્રકારના ફેન્સી ઘાટના દાગીના જેવા જોઇયે તેવા છે.

શીવલાલ દયારામ પંચાળ.

અમદાવાદ—રતનપોળ નાકે. દુકાન નંબર ૩૮૮૫.

નથી.—આપ માહારાજા સાહેબ બારીક નજરથી વિચાર કરો કે હું માહારા અન્નદાતા અને પિતા સમાન માલિકપર આવો જુલમ કોઈ કાળે પણ કરૂં ખરો કે! અરે હાય! આ બનાવ જોઈનેજ મારૂં હ્રદય ચિરાઇ જાય છે.

માહારાજા—કદાપી તમારૂં કહેવું માનવા લાયક હોય પણ તે પેહેલાં મને એટલું તો કહો કે મ્હેં તમને પેલા બદમાસને પકડવા અડધી રાત પેહેલાં જવાને હુકમ આપ્યો હતો છતાં પ્રાતઃકાળ થવા આવ્યો ત્યાંસુધી તમે તમારા બંગલામાં આ ગુમાનસિંહ કહે છે તેવી હાલતમાં કેમ જોવામાં આવ્યા! જરૂર એમાં કાંઇ ભેદ હોવો જોઇએ.

વિજયસિંહ—એનો ખુલાસો માત્ર એજ છે કે માહારી સ્ત્રી ઉપર કોઈ અણધારી આફત આવી પડી, જેથી તે કોઈ દુશ્મનના કબજામાં સપડાઇ ગઈ છે તેથી હું તેને બગીચામાં ચારે બાજુ શોધતો હતો, તેવા કારણથી વાર થઇ ગઇ અને તે વખત વરસાદ હોવાથી મારા કપડાં પલળી ગયાં હતાં, જેથી આ ગુમાનસિંહના જાહેર કર્યા મુજબ મારી તે વખતે એવી સ્થીતિ હતી.

માહારાજા—(ક્રોધ સાથે) તમારૂં બોલવું બિલકુલ બનાવટી છે. તમારી સ્ત્રી કુમુદસુંદરી ગુમ થાય તો તે વિષે કાંઇ આશ્ચર્ય લાગવા જેવું નથી, કેમકે તે ખોટાં આચરણવાળી સ્ત્રી છે, બેશક! કોઇ લફંગાની સાથે મિત્રાચારી કરીને અને તને ખોટો પ્યાર બતાવીને નાશી ગઈ હશે.—

આહા! આવી વાત કાઢીને તમે તમારો બચાવ કરવાને ઠીક બાહાનું શોધી કાઢ્યું!

વિજયસિંહ—(મહારાજાનું આ પ્રમાણે અપમાન ભરેલું, તિરસ્કાર યુક્ત અને અસત્ય ભાષણ સાંભળીને ક્રોધ ઘણો ચડ્યો પણ તેને મુસ્કેલીથી દાબીને) માહારાજ ! મારી સ્ત્રીના સંબંધમાં આપનાજ મુખમાંથી અયોગ્ય વચનો નીકળે તે કદી પણ શોભતાં નથી, આતો ઘણોજ અનર્થ થાય છે !

ગુમાનસિંહ—(મહારાજા તરફ જોઇને) આપનું કહેવું યથાર્થ છે કારણ કે વિજયસિંહ ઉપરનો વધારે શક ગણાવાનું એક બીજું પણ કારણ છે. તે મોજુદ છે.

માહારાજા—શું કારણ છે ! તે કહો;

ગુમાન—કુમાર સાહેબ જે ત્રણ માણસોને સાથે લઇ ગયા હતા, તેમાંના બે માણસોને તો વિજયસિંહે ઝાનથી મારી નાંખ્યા છે, અને એક ત્યાંથી ડરીને નાશી છુટયો હતો તે વિજયસિંહને બોલાવવા જતાં અમને રસ્તામાં ભેગો થયો અને તેના કહેવાથી આ વાતની ખબર પડી છે—તે માણસ હાલ ડોહોડીમાં હાજર છે.—મરજી હોય તો બોલાવીને પુછવું જોઇએ;

માહારાજા—(આશ્ચર્ય પામીને) શું ? આ વાત તમે ખરીકહોછો.

ગુમાનસિંહ—હું આપ મહારાજાના ચરણના સોગન ખાઇને કહું છું કે આ વાત ખુદ દેવીચરણે મને કહી છે.

આ પ્રમાણે વાતચીત થતાની વચમાં માહારાજાની નજીક કુમારની લાસ હતી તે ઉપર નજર જતાં તેની છાતી વચ્ચે કાંઇ વસ્તુ જણાઈ આવી, તેથી તેનો તપાસ કરતાં, છરાની મુઠ જોવામાં આવી, તેનું છરાનુ સઘળું ફળ છાતીની અંદર પેશી ગયેલું હતું.—

તુરતજ તે છરો કાઢીને લોહી સાફ કરી જોતાં તેની મુઠ ઉપર રાજ કુમાર વિજયસિંહ એવું નામ ખોદેલું નજરે જોવામાં આવ્યું તે જોતાંજ માહારાજાને વિશેષ ક્રોધ ચઢી ગયો.

વિજયસિંહ—(છરો જોતાંજ આશ્ચર્ય પામતો બ્હાવરો બનતાં) બેશક આ છરો માહારો છે, પણ આ છરો કેટલીક મુદતથી ચોરીયે ગયેલો છે,—તેનો તપાસ હું ઘણોજ કરતો હતો પણ પત્તો લાગતો નહોતો.

માહારાજા—(ક્રોધ નજરથી) બસ ચુપ રહે ! નાલાયક ! તાહારૂં પાપ હવે ખરેખરૂં ઘેરાઇ વળ્યું છે; હવે તું કોઇ રીતે નિર્દોષ ઠરી શકતો નથી. હાય ! મ્હેં તને શું આટલા માટે પાળીને મોટો કર્યો કે ! તાંરૂં કાળુ મ્હોં લઇને અહિંથી ! (એટલું બોલીને) અરે સિપાહી ! આ હરામજાદાને મુસ્કેટાટ બાંધીને કેદમાં ખોશી ઘો, હવે તો હું તેને તથા તેના સંબંધીયોનો બુરી તરેહથી મારા હાથથીજ જીવ લઇશ. અને માહારૂં કાળજું થંડું કરીશ,—અરે ગુમાનસિંહ ! જાઓ તમે સો સીપાહીયો સાથે આ કમબખ્તનું ઘર ઘેરી લ્યો અને તમામ સ્ત્રી મરદોને પકડી કેદખાનામાં નાંખી ઘો.

આ પ્રમાણે અમલ કરીને રાજા મહેલમાં ચાલ્યો ગયો અને મેલા શબને દહન કરવાને રજા આવી.

પ્રકરણ ૪ થું.

કાળા પોશાકવાળો લાંબા કદનો માણસ.

આ ખુન થયાને ત્રીજે દીવસે અરધી રાત્રીના સમયે વિજય-

સિંહના પેલા દ્રાક્ષના મંડપની પાસે એક લાંબા કદનો આદમી કાળાં કપડાં પેહેરી આમતેમ છુપી રહ્યો હતો.—બંગલો તથા બગીચો મનુષ્યની વસ્તી વિનાનો ચારે તરફ શુન્યકાર ભાસતો હતો. દીવા વિના કેવળ અંધારૂં હતું. તેમજ સેંકડો મોટાં મોટાં વૃક્ષો તથા લથ્થ બથ્થ સુરીર માંડવાઓની ઘટાથી તેમાં વિશેષ અંધારૂં જણાતું હતું તેથી કાળા પોશાકવાળો છુપી જગોમાં રહીને બધી જગોએ નજર ફેરવ્યાં કરતો હતો. આ વખતે અર્ધ રાત્રી વીતી ગઇ હતી, નગરની બાહેરના ભાગમાં આ બાગ મોટા વિસ્તારવાળો હતો તેથી વધારે શાન્ત જણાતું હતું. આકાશ પણ કેટલાંક વાદળાંના ભરકાવથી નિર્મળ નહોતું, તેમ છતાં વિશેષમાં કૃષ્ણપક્ષની રાત્રી હતી, તેથી અંધકારનું બળ વિશેષ ઝામ્યું હતું. સરાસરી બે કલાક વીતી ગયા પછી એક આદમીને આવવાનો પગરવ સંભળાયો અને જોતાં જોતાંમાં તે આદમી સિદ્ધો બંગલામાં ચાલ્યો ગયો, પછી થોડીકવારમાં એક નાનો સરખો ડબ્બો લઇને બંગલામાંથી નીકળી ચાલવા માંડ્યો, થોડેક દુર જતામાં પેલો લાંબા કદનો આદમી જે આ બધું છુપી જગોએ ઉભો રહીને જોતો હતો તેણે ઝડપથી જઇ પાછળથી તે માણસને બે બાજુથી મજબુત પકડી લીધો. અને એવા જોરથી આચકો માર્યો કે ધબ દઇને જમીન ઉપર પડી ગયો એટલે તુરત તે લાંબા કદવાળો મર્દ તેની છાતી ઉપર ચઢી બેઠો અને બોલ્યો.

સાચું કહે તું કોણ છે? તારૂં શું નામ છે? અહિંયાં શામાટે આવ્યો હતો? અને આ ડબામાં શું લઈ જાય છે.

પેલો ઓચિંતો પકડાઇ જવાથી તથા દહેશતથી તે આદમી જવાબ દેઇ શક્યો નહીં એટલે પેલા લાંબા કદવાળા માણસે તેના

મોંઢા ઉપર એક હુંસો મારીને કહ્યું કે જે હું પુછુ છું તેનો જવાબ જલદી દઇ દે નહિ તો આ ખંજર તારા પેટમાં મારી પુરો કરી નાંખું છું.

લાંબા માણસનો ભયંકર વેશ જોઇને તરત તેનું અંતર બળ નિહાળીને મોહોતના દેહેશતથી તેણે જવાબ દીધો કે હું વિજયસિંહ નો નોકર છું. માહારૂં નામ બિહારી છે. તેમણે મોહોર (શિકો) લેવા મને અહિં મોકલ્યાથી હું આવ્યો હતો અને મોહોર લઇને હું જાઉં છું. આમાં માહારી કોઈ જાતની કસુર નથી તો આપ મને ક્યમ આટલું કહતામાં પેલા લાંબા કદના માણસે જોરથી બીજો હુંસો લગાવી દીધો અને કહ્યું કે અરે લુચ્ચા! બદમાસ! હજુપણ તું જુઠું બોલે છે? શું તું જાણતો નથી કે હું કોણ છું? તારી બોલી ઉપરથી હું બરાબર ઓળખી ગયો કે તું વિજયસિંહનો માણુસ નથી પણ પેલા બેઇમાન, નફટ અને અત્યંત ઘોર કૃત્ય કરનાર વિશ્વાસઘાતી અને માહા પાતકી રાજા નંદસિંહનો તું નોકર છે કે તે હમણાં મહા જુલમ અને અન્યાય કરવાને તત્પર થયો છે જો સાંભળ! તારૂં ખરૂં નામ તો જાદવસિંહ છે—હું તને તારા દુષ્ટ કૃત્યોનો હાલજ બદલો આપત. તથા તાહારો જહાંન જહાંનમમાં પહોંચાડી દેત, પણ દુષ્ટ રાજાને સંદેશો કહેવરાવવાની શરતે હું તને આ વખતે જીવતદાન આપું છું માટે ધ્યાન દઇને સાભળ.—

મારૂં નામ કેસરીસિંહ બહારવટિયો છે, મહારા ભયથી તારો રાજા રાત્રિદિવસ ચિંતામાં અને ભયથી કેવળ અજંપના સપાટામાં પડેલો છે. તેનું મન ઘણુંજ વ્યાકુળ રહે છે.—એટલુંજ નહી પણ આખું સુંદિરપુર શહેર મારૂં નામ સાંભળી પીંપળાના પાનની માફક

તરફડે છે. મને પકડવાને માટે તારા દુર્બુદ્ધિ રાજાએ વિજયસિંહને હુકમ કર્યો હતો પણ મને પકડવા જતા પહેલાંજ તે બિચારા ઉપર ખોટું તહોમત મુકીને તેને કેદ કરી દીધો છે. (એમ કહીને પેલો મહોર (સિક્કાનો) નો ડબ્બો તેણે પેલા જાદવસિંહ પાસેથી છીનાવી લઇને) કેમ સમજ્યો કે! લોભીષ્ટ અને પ્રપંચી માણસ કદી પણ સુખ પામતો નથી.

આ પ્રમાણે પેલા કાળા પોશાકવાળે કહીને જ્યારે ડબ્બો છિનાવી લીધો ત્યારે તેણે નમ્રતાઇથી કહ્યું કે, મહેરબાન! આ ડબ્બો જ્યારે મારા હાથથી જાય છે ત્યારે તે સાથે હું જીવતા છતાં મરેલા જીવેલાશ બન્યો છું. કદાચ મને આપે જીવતો રાખ્યો તેથી શું થયું! તે કરતાં તમે તદન ગળે મારી નાંખો તો બેહેતર છે. છતાં મહેરબાની કરીને જીવતદાન આપતા હો તો મને આ ડબ્બો આપો તો સારૂ.

તે સાંભળી કાળા પોશાકવાળે કહ્યું કે તે ડબ્બામાં શું છે તે તું જાણે છે કે!

ના, હું નથી જાણતો. પણ અમુક ઠેકાણે ચાંદીનો ડબ્બો છે તે લઈ જવો એટલુંજ હું સમજ્યો છું. (જમીન ઉપર પડેલાએ જવાબ આપ્યો,)

અરે હરામખોર દુષ્ટ! તમો લોકોનાં હૃદય કેવળ કાળારંગનાં કપટ ભરેલાં છે તે હું સારી રીતે જાણું છું.—હવે તું ડબ્બાની આશા મુકી દે અને તારા રાજાને કહે કે મહોરનો ડબ્બો બારવટિયા કેસરીસિંહે બળાત્કારથી પડાવી લીધો, વળિ એમ પણ કહેજે કે તું કેસરીસિંહને પકડવાને નાહક તમારી ફોજને અથડાવ્યાં કરો છો, બિચારા લશ્કરી માણસો નકામા જંગલમાં અને ટહાઢમાં તથા તડ-

કામાં ભટક્યાં કર છે. મને ખોળતા ખોળતા જ્યાં ત્યાં ફુટાયાં કરે છે, ત્યિમ પશ્ચિમ કોશની ગિરદમાં ડુંગરાઓ અને તેની ખીણોમાં ભટકતાં ઘોડાઓના શ્વાસ આણે છે અને તોબાહ તોબાહના શબ્દો બોલીને પોતાના મસ્તક ઉપર પરિશ્રમથી થએલા પરશેવાને કપડાથી લુંછે છે.—પણ હું તો તારા રાજાનાજ શેહેરમાં રહું છું.

અરે મુર્ખાલા! જરાક હુંશિયારીમાં આવી જા, તારા માથા ઉપર મોત ફેરા માર્યા કરે છે પણ આ વખતે તને જવા દેવાને મારા મનમાંજ આવ્યું છે તું એમ નહિ સમજતો કે પેલા બાયલા દારૂણસિંહ પાસે તારા રાજાએ જે ખુન કરાવેલાં છે તેનો ભેદ મ હારા જાણવા બાહેર નથી.

જાદવસિંહ—કોણે ખુન કર્યું!

કેસરીસિંહ—(એક મુક્કો લગાવીને) એ સવાલ કરવાનુ તાહારે શું કારણ છે! અરે પાજી! બસ! જે હું કહું છું તે તું અક્ષરે અક્ષર તારા રાજાને જઇને કહે, અને એમ પણ જઇને વધારામાં કહેજે કે અગર કદી બનિ શકશે તો આજથી આઠમે દિવસે હું તમને જાતે મળીશ, બસ, જા, હાંક!

વારૂ એક વાત બીજી ઠીક યાદ આવી. માટે સાંભળ, વળિ કહેજે કે રાજકુમારને સારીપેઠે કોઇને ખબર પડે નહી એમ સંતાડી રાખજો. રખેને તમારૂં પાપ ફુટી ન નિકળે!

આ પ્રમાણે કહિને જાદવને છોડી મુક્યો. પછી કેસરીસિંહ મોહોરનો ડબ્બો લઇને ખબર ન પડી કે તે ક્યાં ચાલ્યો ગયો.

નિશ્વાસ નાંખતો અને અશ્રુ કાઢતો ભયથી અને મારથી કુંપી ગયેલો પેલા જાદવસિંહે નગરમાં પ્રવેશ કર્યો.

અમુલ્ય લાભ.

મ્હારા પ્રિય મેહેરબાનો ! જો તમે આ નીચે લખેલી ગજલ પોતાને મુખપાઠ કરશો તો સંગિત દ્વારાએ ગાયનમાં મઝાહ આપશે. અને તેમાંનો જે સાર તે સાંભળીને અમારી દુકાનેથી ચોખ્ખો માલ ખરીદ કરશે તો તેમને પણ લાભ છે. અને અમારા ગ્રાહકો જ્યારે અનુભવ પામેલા છે તેઓતો આ ગજલ વાંચીને આનંદ પામશેજ.

—ગજલ—

નિહાળો પ્યારથી આવીને, અહિં સુખકાર દાગીના;
જુવો તે સ્વચ્છતા તેમાં, નિહાળો સાર દાગીનાં. નિહાળો૦ ૧
ઘણા સદ્‌ગ્રહસ્થ દુર પ્રદેશના, અહિં આવીને લે છે;
ઘણો સંતોષ પામીને, કહે બલિ હાર દાગીના. નિહાળો૦ ૨
સુખદ છે શહેર અમદાવાદ, રતનજ પોળને નાકે;
નિહાળો આપ કરીને પ્યાર, જે હિતકાર દાગીના. નિહાળો૦ ૩
જરૂર આ હિંદમાં મુજ, કિર્તિ મેળવવા વિચાર્યું છે;
વધે વિશ્વાસ ચોખ્ખા કામપર, નિરધાર દાગીના. નિહાળો૦ ૪
ઘડામણમાં નફો ઝાઝો, અને વળિ માલ શ્રેષ્ટ મળે;
અનુભવ એક વખત કરો, થઇ દિલદાર દાગીના. નિહાળો૦ ૫
ખરી વસ્તુનિ આગળ લેશ પણ, ખોટું નથી નભતું;
સદાદિન એજ શિક્ષણનો, કરૂં છું વિચાર દાગીના. નિહાળો૦ ૬
વધે વળિ કિર્તિ આ જગમાં, કરે વિશ્વાસ ગ્રાહક તે;
નક્કિ શિવલાલ પંચોળી તણો, છે કરાર દાગીના. નિહાળો૦ ૭

પ્રકરણ ૫ મું.

ત્યાંથી જાદવસિંહ ડરનો માર્યો જીવ લઇને નાઠો, તે રાજા ચંદસિંહ પાસે રાજ્યમેહેલના દિવાનખાનામાં જઇને હાજર થયો;–રાજાના ચેહેરા ઉપર કુમારનું ખુન થયાની કંઈ પણ દિલગિરીનું ચિન્હ આ વખતે જણાતું નહોતું. પણ ખરૂ જોતાં આ ખુનનો ભેદ કાંઇ વિચિત્ર પ્રકારનો હતો, જેનું ખરૂં સ્વરૂપ આગળ ઉપર જણાઈ આવશે; જાદવસિંહ રાજાની હજુરમાં હાજર થઇ નીચો નમીને સલામ કરી, હજુ પણ બારવટિયાની બીકથી તેનું કાળજું ધડકતું હતું; અને તેના પગમાંથી કંપારી ખસી નહોતી.

રાજા—(જાદવપ્રત્યે) કેમ ! મોહોર લઇને આવ્યો કે !

જાદવ—જી.....લાવ્યો તો હતો પરંતુ (ડરતો ડરતો) રસ્તામાં કેસરીસિંહ બારવટીઆએ મને ઓચિંતો પકડીને જમીન ઉપર પટક્યો, અને મારી છાતી ઉપર ચઢી બેઠો." કમરમાંથી ખંજર કાઢીને મારો પ્રાણ લેવાની તઇઆરીમાં હતો ન ચાલે 'હું તેના કાલાવાલા કર્યાં પણ પેલો ડાબડો હતો તે છીનાવી લીધો અને લઇ ગયો.

રાજા—(એકદમ ચમકીને) કેસરીસિંહ બારવટિયો !?! હેં ! હેં ! શું બારવટિયો ! હે !

જાદવ—જી હા,

રાજા—શું તે હરામજાદો બહારવટિયો આપણા શહેરમાં આવ્યાં કરે છે કે !

જાદવ—હાજી–વિજયસિંહના બાગમાંજ મને ધર દબાવ્યો હતો.

રાજા—(મનમાં–અરેરે આ હરામખોર બહારવટિયો કોણ જાણે મારી

પછવાડે કેમ શત્રુ થઇ લાગ્યો છે! કમબખત પકડાતો પણ નથી.—જો દૈવ ઇચ્છાથી વિજયસિંહનું કાસલ વચ્ચેથી નીકળી જાય તો ગુલામ બારવટીયાને તો હું જરૂર ગમે તેમ કરીને પણ હસ્તગત કર્યા વિના રહેવાનો નથી—આશ્ચર્યની વાત એ છે કે, મારી ખાસ ગુપ્ત કારકીર્દીને પણ કોણ જાણે તે ચોરટાને શી રીતે ખબર પડી જાય છે!) (પાસે ગુમાનસિંહ હતો તેના તરફ નજર કરીને) કેમ ગુમાનસિંહ! તમે આ બાબતમાં શું જાણો છો?

ગુમાન—એ ઘાતકી બારવટિયાની ચાલાકી આગળ માહારી તો અક્કલ બહેર મારી જાય છે. હું શું કહું મહારાજ!

રાજા—અફસોસ, અફસોસ, પણ પેલા વિજયસિંહની મને મોટી ફાંસ નડે છે; જો કે મારી રહિયત વિજયસિંહને આટલું બધું ચાહતી નહોત તો હું એકદમ તેનો આ દુનિયામાંથી ક્યારનોએ તેનો ફેંસલો કરી નાંખત, પણ ફીકર નહીં, કારણકે હવે તો તે વિજયસિંહ ઉપર એક ભારે આફત આવીજ ચુકી છે.—

હવે પરમ દિવસે હું મોટો દરબાર ભરીશ, અને ભરસભામાં વિજયસિંહને ગુનેગાર ઠરાવીને તેને ફાંસીને લાકડે લટકાવી દઇશ ત્યારબાદ બારવટિયાના બાર વગાડી દઇશ. (આટલું બોલી રહ્યો તેટલામાં દરવાજા તરફથી ઓચિંતો અવાજ સંભળાયો કે “બેશક તે બહારવટિયાનો શો હિસાબ છે! પણ યાદ રાખ્ય કે સાક્ષાત એ ભમતો ભુત છે, વળિ યમરાજાનો દૂત છે. તે નિરંતર તારી સાથે જ રહે છે, અને તારી સઘળી છુપી તજવીજો જાણી જાય છે,

જરાક હોંશ ઠેકાણે રાખીને જો, કે હું આ સમયે પણ અહિયાં તારી પાસેજ છું.)

આ પ્રમાણે અકસ્માત શબ્દ સાંભળીને રાજા એકદમ ચારે તરફ નજર ફેરવતો ચમકતો છતાં જેવા લાગ્યો, એજ વખતે ચમત્કારીક અવાજ સાંભળીને દીગમુઢ બની ગયો પણ તે હીમતવાન હોવાથી પાછો જલદી ખબરદાર થઇ ગયો અને તલવાર ખેંચી દરવાજા તરફ ધસી ગયો, તેની જોડે બન્ને સરદારો પણ ઉઠીને દોડતા ગયા, પણ દરવાજા આગળ ઘણું અંધારૂં હોવાથી આગળ વધી શક્યાં નહીં—કારણ કે ગેબી નાદ કરનારે દીવાબત્તીની ઠેર ઠેર જે રોશની હતી તે તમામ બુઝાવી નાંખી હતી, તેથી કમબખ્તે રોશની બુઝાવી નાંખી છે એમ કહીને પાછા સઘળા મેહેલમાં ચાલ્યાગયા

પ્રકરણ ૬ ઠું.

—પરોપકારીના હાથથી છુટકારો—

નિરઅપરાધી વિજયસિંહને તે તુરંગખાનાની એક અંધારી કોટડીમાં કેદ કરીને પુરી રાખ્યો હતો, તેના ઉપર વગર કસુરે જુલમ થતો તથા પોતાની પત્નીના વિયોગની દિલગીરી અને ભવિષ્યમાં છુટા થઇને તેને મળવાની ના ઉમેદીને લીધે તે જીંદગીના જીવનને માટે હાથ ધોઇને બેઠો હતો; તેને કેદ થવાને આજ ચોથો દિવસ છે. તેને ખોરાકમાં ચણા અને પાણી મલતું હતું. તેને અનેક તર્ક વિતર્કની બેચેની અને અનાયાસ પડતી આફતથી દુઃખ ભરેલી અવસ્થાથી રાત્રદિવસની કાંઈ ખબર પડતી નહોતી. આવા અસહ્ય દુઃખથી લાચાર થઈ ઇશ્વરનીજ પ્રાર્થના કર્યાં કરતો હતો, તેણે પો-

તાના જીવનની આશા મુકી દીધી હતી. તે છેક કંગાલ જેવો પરાધિન બનેલો ચિંતારૂપી સમુદ્રમાં ડુબી ગયો હતો—અનાયાસ દુઃખ કેવું પડે છે. તેની તેને આ પેહેલવેલીજ ખબર પડી--સત્યનો બદલો કેમ મળતો નથી તેના માટે તે મનમાં ઘણું મુંચાતો હતો. જગતને ઉત્પન્ન કરનાર ન્યાયી પરમેશ્વરની ઘટમાળ માટે અને તે પરમેશ્વર સર્વજ્ઞ છે તેના માટે તે આહાની આફતમાં પડવાથી નિર્દોશ છતાં જ્યારે સદોશ થયો, અને તેમાં પરમેશ્વરની પણ સહાય થવાની આશા છોડી દેવામાં આવી ત્યારે તે નાસ્તીક વિચારમાં દોરાઇ જતો હતો, યદ્યપિ સત્યનો બેલી પરમેશ્વર છે એ વાત નિશ્ચય છે. તે વિજયસિંહ આ પ્રકારે બેચેનામાં વારંવાર પરમેશ્વરની પ્રાર્થનાકરતોહતો

તેવામાં અર્ધ રાત્રી પછી ઘોર અંધાથી સ્થિતિમાં એકાએક તે જેલની કોટડીના ભીંતમાં કાંઈ ધબકારો થતો તેના સાંભળવામાં આવ્યો. તેથી જરા ચેતન થઈ કાન ધરીને સાંભળતાં, આ કેદખાનાની દિવાલને તોડી સુરંગ પાડતું હોય એમ તેના સમજવામાં આવ્યું. યદ્યપિ થોડીવાર પછી તેની અટકળ ખરી પડી, તે કેદખાનાની દિવાલમાં બે હાથ પોહોળુ બાકુ પાડી તેમાં પ્રવેશ કરી હાથમાં ફાનસ પકડીને એક લાંબા કદનો અને કાળો પોશાક ધારણ કરેલો પ્રચંડ માણસ પોતાના મોઢા ઉપર બુરખા નાંખી વિજયસિંહ પાંસે નીકળી આવ્યો, અને કહેવા લાગ્યો કે—ઉઠો હું તમને છોડાવવાને માટે આવ્યો છું.

વિજયસિંહ—(વિસ્મય પામીને) તમે મને કહો તો ખરા કે તમે કોણ છો? તમારૂં નામ શું છે? અને આંહાવું જોખમ વોહોરીને માહારા ઉપર આટલો બધો અનુગ્રહ અને ઉપ-

કાર કરવાનું જે પ્રયત્ન કર્યું છે, તેના માટેજ હું પ્રશ્ન કરૂં છું કે તમે કોણ છો ?

નવિનમર્દ—સમય ઘણો ટુંકો છે અને કીમતી છે, વળિ તમારા પ્રશ્નોનો જવાબ આપવામાં થતો વિલંબ આપણા ઉભય પક્ષમાં વખતે હાનીકારક થઇ પડશે, તોપણ હાલ તમને એટલું તો ચેતાવું છું કે તમને નિરઅપરાધી અને ચોખા સમજીને હું છોડવા આવ્યો છું.

વિજયસિંહ સઘળા લોકો એમ જાણે છે, કે હું ખરેખરો ખુની છું છતાં તમે મને નિર્દોશ કેમ માનો છો ?

નવિનમર્દ—હું બરાબર જાણું છું કે ખરા ખુની તમે નથી.

વિજય—કદાપી તમે મને અહિંથી છોડાવી જશો પણ રાજાના હાથમાંથી હું શી રીતે બચીશ ?

નવિનમર્દ—તેની તમારે લેશ પણ ચિંતા કરવી નહીં. તેને માટે મ્હેં અગાઉથી તજવીજ કરી રાખી છે.

વિજય—અરે મ્હારા મેહેરબાન ! જ્યારે તમે કૃપા કરીને મારા માટે આટલો બધો સાહસ કર્યો ત્યારે હવે ખરો ખુન કરનારનો પત્તો લગાવી લોકોના રૂબરૂ નિર્દોશ બની માહારૂં મુખ ઉજળું રાખું એવી યોજના કરવામાં તમે મને સહાય થશો,—જો તેમ ન બને તો મારૂં કેદમાંથી નાશી જવું સાંભળી લોકોને મારા ઉપરનો શક વધારે મજબુત થઇ જશે. કારણ કે મ્હેંજ કુંવરનું ખુન કર્યું છે એમ લોકોને પૂરો વિશ્વાસ થઇ જશે.

નવિનમર્દ—ભલા માણુસ ! તમે ગભરાઓ નહીં, અચ્છી તરેહથી નિશ્ચિત રહો. સઘળી વાતનો મ્હેં વિચાર અને તેનો પાટ

મ્હેં કરી રાખ્યો છે એટલુંજ નહિ પણ તમારી સ્ત્રી કુમુ-
સુંદરીને માટે જરાયે ચિંતા રાખશો નહીં.

વિજયસિંહ—(કુમુદસુંદરીનું નામ સાંભળી ચમકી જતાં આશ્ચર્યથી
અરે! તમે તો મારૂં ભલું કરનાર સાક્ષાત ઇશ્વર જેવા દે-
ખાઓ છો. તમારી ધીરજ અને દિલાસા ભરેલી વાતોથી
માહારી ખુશીનો કોઇ પાર રહ્યો નથી,

નવિનમર્દ—બસ હવે વધારે પુછશો તો હું જવાબ આપી શકીશ
નહીં-હું તમને આજ્ઞા કરૂં છું કે તમે મારી પાછળ પાછળ
ચાલ્યા આવો.

વિજયસિંહ કેદખાનાની દીવાલમાં પડેલા બાકામાંથી સુરંગને
રસ્તે કિલ્લાની બાહાર નીકળી જાય છે, રસ્તામાં બીજા ચાર આદમી
તેમની રાહ જોતા સાથે થઇ છ જણા આગળ ચાલ્યા અને નદી
કિનારે પહોચ્યા, પછી ત્યાં એક હોડી તઇયાર હતી તેમાં બેસી તે-
ઓના નદીના વહન તરફ હોડી ચલાવતાં થોડીક દુર ગયા પછી
પેલા લાંબા કદના માણસે પોતાના કાળા પોશાકવાળા મ્હોં ઉપર
નાંખેલો બુરખો હઠાવી કહ્યું કે હે વિજયસિંહ! મારા મુખની આ-
કૃતિ તમે બરાબર જોઇ હમેશને માટે ઓળખી રાખો.-કેમકે આ દુ-
દુનિયામાં કોઇ કોઈ પ્રસંગોમાં આપણે ભેગા થવાના સંયોગ બનશે,
તે વખતે તમે ભુલ ન ખાઓ,—વિજયસિંહે તેમની આકૃતિ બરા-
બર નિહાળીને જોઈ તો તે લગભગ પાંત્રીસ વરસનો જવાન ખુબ-
સુરત અને બહાદુર શખ્સ બહુજ ખુબિદાર લાગ્યો. તે જોઇને.—

વિજયસિંહ—આપના આ જબરદસ્ત ઉપકારનો બદલો હું કેવી
રીતે વાળી શકીશ! આશા છે કે આપ પોતાનું મુબારક
નામ પણ કહી મને કૃતાર્થ કરશો.

નવિનમર્દ—(મુખ ઉપર બુરખો નાખીને) મારૂં નામ કેસરીસિંહ છે.

વિજયસિંહ—(એકદમ ચમકીને) શું તમેજ કેસરીસિંહ કે ? જે પેલા બાહારવટીયાને નામે મશહુર છો તેજ તમે કે ?

કેસરી—જી હા.

વિજય—(કેસરીસિંહના અમીરી મિજાજને જોઇ તથા તેમના માણસો તરફ જોઇને તથા વિચાર કરીને) આપના ચહેરા ઉપરથી મને કોઇ એવી નિશાની નથી જણાતી કે આપ બહારવટિયાનું જુલમગાર કૃત્ય કરનારા કેસરીસિંહ પોતે હો.

કેસરી—નહિ, નહિ, તેજ હું છું.–તમે પક્કી ખાતરીથી માનો કે એજ હું કેસરીસીંગ છું.—પણ તમારા રાજા શિવાય બીજા કોઇને માટે હું વિરૂદ્ધ નથી, પ્રજા સમગ્ર મને પ્રાણથી પણ પ્યારો સમજે છે, અને હું તેઓના દુઃખનાં વખતે વખતે સહાય થાઉં છું—પણ રાજાએ તો મને પકડવાને માટે તમને હુકમ કર્યો હતો ખરૂં કે નહીં ?

વિજય—હા, તેમજ હતું.—પણ આ વખતે તો હું તમે કરેલા ઉપકારની મર્યાદામાં તમારીજ સેવામાં હાજર થયો છું. અપકારને બદલે આપે ઉપકાર કર્યો છે; આપને પકડવાને રાજાના હુકમથી હું આધીન થયેલો આપના વિરૂદ્ધમાં મેં પગલાં ભર્યાં હતાં, જુવો કે મને વિઘ્ન નડયું પણ નિમકહલાલી બજાવવાને કદાચને આપનો અને મારો મોખો સામસામે બની આવ્યો હોત ત્યારે હૃદયમાં ક્રોધ શિવાય, બીજો સંસ્કાર થાય નહીં—એટલા માટે મારા અપકાર ઉપર આપે ઉપકાર કર્યો છે.—

અગત્યની જાહેરાત.

અમદાવાદ, રતનપોળને નાકે, દુકાન નં. ૩૮૮૫.

અમારી દુકાને ચાંદીના ફેન્સી દાગીના સહુથી કીફાયત ભાવથી ઉંચ પ્રકારની બનાવટના મળશે.

૧ કોટનાં તથા હાથનાં વિગેરે સો જાતનાં ફેશનવાળાં બટનો.
૧ કફનાં બટનો સો પ્રકારના મન પસંદ.
૧ તોડીઓ, મગ પીટ, ગુંચેલી, ઘાણા, ટીકીની અને ટીકીના એમ ઘણી ફેશનના.
૧ ખમીસ તથા પોલકાંના છાતીના બટન વીસ પ્રકારનાં.
૧ બૈરાંના પગની આંગળીઓના દાગીના.
૧ અંગુઠીયો આઠ પ્રકારની મનમોહક ફેશનવાળી.
૧ સો પ્રકારના જુદી જુદી જાતના અછોડાએ.
૧ જાત જાતના લગર, ટીકી, ચટાઇના કટકના મગપીક વીગેરે.
૧ આઠ જાતના ફેશનવાળા કંદોરા.
૧ નાની મોટી કલ્લીઓ ફેશનવાળી.
૧ દસ પ્રકારના જુદી જુદી ફેશનનાં સાંકળાં.
૧ અઢા પ્રકારના ફેન્સી જુદી જુદી જાતના દાગીના.
૧ બૈરાને પગના જુદી પ્રકારના ફેશનનાં સાંકળાં.
૧ નાહાનાં બચ્ચાંને તમામ જાતના ઉપયોગી.

એ રીતે અનેક પ્રકારના વગર વીનાના ચોખા દાગીના અમારી દુકાનેથી મળશે, અમારા દાગીના બદલવામાં આવે ત્યારે ચાંદીના ભાવથી પાછા લેવામાં આવશે માટે ઘરસંસાર નભાવનાર ભાઇઓએ અમારી સત્યધર્મથી વર્તનારી દુકાનેથી માલ લેવાને તક ચુકશે નહીં,

ટીપણ.

૧ હાલના વખતમાં કરકસરથી લાંબા વખતમાં સારૂ દેખાડનાર આ દુકાન છે.

૧ ખરી વસ્તુ આપીને દુકાનની કીર્તિ વધારનાર આ દુકાન છે.

૧ મોટાથી તે નાના બાળકો એકજ ભાવથી ચોખી વસ્તુ આપનાર આ દુકાન છે.

૧ હિંદ પ્રજામાં ગરીબ માણસોના કુટુંબમાં મનમાનતી ચીજો સફાઈદાર અને દેખાવમાં સારી અને વ્યાજબી ભાવથી આપનાર આ દુકાન છે.

૧ સત્ય ત્યાં જય છે. એના મુગતત્ત્વને જાણીને સત્ય સેવા બજાવનાર આ દુકાન છે.

૧ જ્યારે કસર મજરે લેવા ગ્રાહક હઠ કરે છે. ત્યારે તેવો ખોટો રીવાજ જોઈ વેપારી પણ પ્રથમથીજ કસર ચઢાવે છે. પણ એવી રીતે આ દુકાન કરતી નથી માટે કોઇએ કસરના રીવાજને આધીન થઇ કસર માગવી નહી, આ દુકાન સત્ય ધર્મને શ્રેષ્ઠ માને છે.

શિવલાલ દયારામ પંચાલ.

અમદાવાદ,—રતનપોળને નાકે, દુકાન નં. ૩૮૮૫.

કેસરી—એવી રીતે કદી પણ મનમાં ઓછું નહિ લાવતા. કદાચિત તમે મને પકડવાનો ઉદ્યોગ કરત અને માહારો તમારો મુકાબલો થઈ જાત, તોપણ હું તમારે સાથે નહિ લડત, પણ સુલેહરીતે વર્તવાની ઇચ્છા હું રાખત, ભાઇ વિજય-સિંહ! તમારા રાજા કેટલો દુષ્ટ અને કૃતઘ્ની છે તે શું? તમે નથી જાણતા?

કદાચ તમને માહારી વાત વાસ્તવિક નહિ લાગે, કારણ કે તે રાજાએ તમને દીકરા સમાન ગણી પાળીપોશી મોટા કર્યા છે, અને એક ઉંચો દરજ્જો આપ્યો હતો, પણ ખુબ ધ્યાનમાં રાખો કે તેણે તમારી સાથે ખુશીથી સલુકાઈ રાખી છે, એમ કદી પણ તમે ધારતા નહીં. હું તમને નિશંકપણે જણાવું છું કે તે રાજા તમારો પાકો શત્રુ છે.—વખતે હાલના સંજોગમાં તમને માહારા કહેવા ઉપર ભરૂસો ન પડે એ સ્વભાવિક છે. પણ થોડાજ વખતમાં તમને મારૂં કહેવું વ્યાજબી લાગ્યા વિના રહેશે નહીં તે પણ ખાત્રીથી સમજી લેજો.

વિજય—(કેટલીકવાર સોચમાં પડીને) એટલું તો ખરૂં છે કે આ રાજામાં રાજવંશિનાં લક્ષણ તો છેજ નહીં પણ તેણેમારી સાથે કોઇ ભેદથી ભલાઇ કરી તેવી હજી મને સાબીતી મારી નથી.

કેસરી—અફસોસ, કે તમને તેની ધુર્તતાની અને ચાલાકીની હજી સુધી કાંઇ સમજણ પડતી નથી! અરે! તમે તો છેક ભોળા છો; જુવો તાજેજ હમણાંનો દાખલો કુમારની લાશનોજ, વિચાર કરો.

વિજય—કુમારની લાશથી માહારે શી સાબીતી સમજવી! તે હજી હું સમજી શક્યો નથી.

કેસરી—ખેર જવા દો, એ પણ વખત આવે તમે સમજી જશો–પણ અત્યારે હું તમને એટલુંજ પુછું છું કે તમે મારો સાચો વિશ્વાસ રાખી શકો છો કે નહીં!

વિજય—બેશક! આજના આપના ઉપકારી કૃત્યથી તો હું આપનો તાબેદાર બની રહ્યો છું—પરંતુ રાજા મારી સાથે કપટ વર્તે છે એવું કોઇ રીતે આપ મને સાબીત કરી આપશો તો હું તમને મારા સાચા દોસ્ત યા બાઇ તરીકે સમજીશ,

કેસરી—હા, એ તમારૂં કહેવું હું કબુલ કરૂં છું,—અને જો બનશે તો હું આજજ તમને સાબીત કરી આપીશ, કે રાજા તમારો હડહડતો અને કટ્ટો દુશ્મન છે, અને તમારા સસરા દારૂણસિંહના હાથથીજ તમને ખુવાર કરવા તે તઇયાર થયો છે.

વિજય—અરે! આ વાત તો તમે વધારે વિપરિત અને ખેદકારક કહી!

કેસરી—એની સાબીતી તો તમારી સ્ત્રી કુમુદસુંદરીનાથીજ જણાઇ આવશે, ઇશ્વર કરે ને તે બિચારી તેના બાપના હાથમાંથી બચી જાય.

વિજય—શું તેના બાપના હાથથી?

કેસરી—હા, તેના બાપ દારૂણસિંહ શિવાય બીજો એવો કોઇ નથી કે જે કુમુદસુંદરીનો જીવ લેવા તત્પર થાય, બાકી આપ નથી જાણતા કે ત્રણ આદમિયોના જીવનો તરસ્યો રાજા નંદસિંહ કેવી કપટજાળ બિછાવી પોતાના કામમાં ફતેહ મેળવવા ઇચ્છા રાખે છે!

વિજય—આપને આવી ગુપ્ત વાતોની શી રીતે ખબર પડી—મને તો બાતમી મળી હતી કે આપનો મકાન હાલ નેપાળના પાહાડોની તળેટીમાં છે. અને તમને પકડવા મને તે સ્થળે જવા હુકમ પણ રાજાનો મળ્યો હતો.

કેસરી—હા; તમે માનો છો તેમજ મારો મકાન નેપાળની તળેટીમાં છે એમ બધા જાણે છે પણ તેમ નથી.—સહુ ભુલ ખાય છે—મારૂ તો ક્યાંયે રહેવાનું ઠેકાણું જ નથી, તેમ મને કોઈ પકડી શકે એમ પણ ધારશો નહીં,—એ તો બધું ઠીક. પણ ભાઇ સાહેબ! તમે પોતે કોણ છો? તમારી મૂળ હકીકત શી છે? તે તમે કાંઈ જાણો છો?

વિજય—હા, અત્રેના રાજાના કહેવાથી થોડો સાર જણાયો છે.—તે એક પ્રસંગે વાત કરતા હતા ત્યારે એમ બોલતા હતા કે મારા પિતા રાજાના મિત્ર હતા, પણ મારા પિતા જંગલમાં લુટારૂઓથી માર્યા ગયા—અને રાજાએ મારા પીતા જોડે મિત્રભાવથી મારા ઉપર દયા કરી મને પુત્ર તુલ્ય ઉછેરી પાળ્યો છે.

કેસરી—અરેરે! કેટલું બધું હડહડતું જુઠું! (નદીના કીનારા તરફ એટલામાં એકાએક નજર જવાથી) હવે ધારેલું સ્થાન નાજીક આવ્યું.—ચાલો ઉતરી પડો.

એમ કહી બન્ને જણા કિનારે ઉતરી પડ્યા, પછી કેસરીસિંહે પોતાના એક આદમી પાસેથી તલવાર લઇને વિજયનેસિંહને કહ્યું કે લો આ તલવાર તમે તમારી પાસે રાખો કેમકે વખતે જરૂર પડે.

તેવામાં કેસરીસિંહની નજર એકાએક નદીમાં એક ઘડો વહેતો

જતો હતો તે ઉપર પડી તે ઘડો કીનારા તરફ વહેતો આવતો જણાયો, ઘડાની વેહેવાની ગતિ વિચિત્ર જણાયાથી તે જોઈ કેસરીસિંહે વિજયસિંહને કહ્યું કે જરાક ધ્યાન દઈને નજર કરો.—આ ઘડાના નીચે કોઈ બલા સંતાતી આવતી લાગે છે, એમ કહી કેસરીસિંહે કપડાં ઉતારી લંગોટ કસી છરો લેઇ તે હોડીના માછીઓને કાંઇ ઇસારો કરી નદીમાં કુદી પડ્યો અને ઘણી ઝડપથી તે ઘડા નજીક કેસરીસિંહ જઇ પહોંચ્યો, પછી કળ બળથી ઘડા નીચે સંતાઇ રહેલા માણસને ઝાલ્યો અને માછીઓની મદદથી તેને કીનારે લાવ્યા, કેસરીસિંહે તેને બરાબર ઓળખી કહ્યું કે અહા આતો પેલો કમબખ્ત દેવીચરણ છે; અરે બદમાસ! તું છાનો માનો બાતમી લેવા ભટકે છે કેમ! ખરૂં કે! હવે તું નક્કી માન એડાજી! હવે તારૂ મોત નજીકજ છે.—તું કેસરીસિંહ બારવટિયાના હાથમાં આવ્યા છું તો કદી પણ બચવાનો નથી,—કેસરીસિંહનું નામ સાંભળી દેવીચરણના તો હોંશજ ઉડી ગયા,—તે વખતે કેસરીસિંહે તુરતજ તેની ઝડતી લીધી—ત્યારે તેની કમરે મીણ કાપડમાં વિંટાળેલો કાગળ તથા એક તલવાર એ બન્ને નીકળી આવ્યાં; તે લેઇ દેવીચરણના હાથ પગ બાંધી માછીઓને હુકમ કર્યો કે આ પલીતને લઇ જઇને બજરંગ ગઢમાં કેદ કરો, અમે આવીશું ત્યારે એની વાત છે હુકમ પ્રમાણે માછી લોકો તે દેવીચરણને હોડીમાં બેસારી લઇ ચાલ્યા, હવે કિનારે વિજયસિંહ તથા કેસરીસિંહ બેજ રહ્યા.

કેસરીસિંહે તે મીણકાપડમાંથી કાગળ લઇને વાંચ્યો, તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.—

બાહાદર પ્યારા મિત્ર,

મારા કુંવરને મારી નાંખવાનો આરોપ મુકીને મ્હેં વિજય-સિંહને કેદ કર્યો છે, હવે એક કિંવા બે દીવસમાં તેને ફાંસીએ લ-ટકાવી હું સુખની નિદ્રા લઈશ,—આ યુક્તિથી રઈયત પણ મને બદલામી નહિ કરે,—સઘળી રહિયતપક્ષ વિજયસિંહની તરફદારી કરી મને બદનામ કરી તેને ગાદીનશીન કરવા કેમ તત્પર થઈ છે તેની મને આજસુધી ખબર પડી નહિ હતી—હવે રઈયત પણ કંઈ બોલી શકવાની નથી, પરંતુ મને કેસરીસિંહ બારવટિયાની ફાંસ ઘણી ખટકી રહી છે, તેના કારણથી હું બેચેન છું, જેવી રીતે તમે વિ-જયસિંહથી મારો પ્રાણ બચાવ્યો, તેવીજ રીતે આશા છે કે કેસરી સિંહને કબજે કરવાની તરકીબ પણ આપ મને બતાવી મદદઆપશો

તમારો સાચો દોસ્ત.

નંદસિંહજી.

આ પત્ર વાંચી વિજયસિંહ ઘણોજ તાજુબ (આશ્ચર્ય) પા-મ્યો પછી કેસરીસિંહ તરફ જોઇને બોલ્યો કે હવે મને બરોબર નિ શ્ચય થઇ ગયો કે નંદસિંહ ઘણોજ બેઇમાન અને હરામજાદો મા ણસ છે; અત્યારસુધી હું તેને મારા પિતા તુલ્ય માનતો હતો, હું તેમને મારા પવિત્ર અંતઃકરણથી પુજ્ય ગણતો હતો, મ્હેં મારૂં તન અને મન તેમના ચરણમાં સ્વાધીન કર્યું હતું,—તેમણે મને પાળી પોશીને મોટો કર્યો તેના બદલામાં તેમના પ્રત્યેની ભક્ત ભાવના નિખાલસ રાખતો રહ્યો છું. મ્હેં તેમના દરેક શબ્દો જે તે વખતે માથે ચડાવીને ઉપયોગમાં લીધા છે. તેમજ મ્હેં તેમનાથી કદીપણ બુરાઈ કરી નથી.—તેમ છતાં મને એજ આશ્ચર્ય અને ખેદ થાય છે કે તે મારા પ્રત્યે દુશ્મનાઇ કરવા, મારું કાસાનક ાદવા કેમ પ્ર-વત થયા છે !

અમારી ભેટ લેવાને વિનતી.

—મનહર.—

એકવાર દુકાનમાં આવીને નિહાળો મિત્ર,
ચાંદીના દાગીના કૃતિ ન્યારી અભિરામની;
ચાલતા જમાનાનો જરૂરી ઘાટ ફેશનનો;
થોડામાં નિભાવ થાય કુટુંબ વિશ્રામની.
સત્યની પરીક્ષા જુવો તપાસો અનેક ઘાટ,
મનને પમાડે મોહ ચીજો ઠામ ઠામની;
અમદાવાદની માંહે રેતનપોળને નાકે,
અમારી દુકાન શિવલાલ દયારામની.

ચાંદીને ખરીદ કરી ઘાટને ઘડાવવાથી,
એક જોડ માટે થશે ખરચી ન કામની;
દોઢોડી કે સવાઇ તમે કિમ્મત આપીને બેસો,
ખંતર માટે જુવો અનુભવ દામની.
અમારો તૈયાર માલ ચોખવટ સાથે જુવો,
ફાયદા તપાસો તમે વસ્તુઓ તમામની;
અમદાવાદની માંહ રતનપોળને નાકે,
અમારી દુકાન શિવલાલ દયારામની.

કેસરી—હે ભાઇ! એમાં તમારી લેશમાત્ર પણ કસુર નથી. પણ તમે પોતે કોણ છો! અને આ નંદસિંહ (જે કે હાલનો રાજા) તે કોણ છે! તે પણ તમે જાણતા નથી. પણ જ્યારે આ ભોપાળુ ખુલ્લું થઇ જશે ત્યારે તમને વધારે ખેદ થશે કે આ નિંદસિંહે (રાજાએ) તો તમારા પિતાને મરાવી નાંખ્યો છે સબબ એ કુરને તો તેની ચીમટાથી ચામડી ઉતરડાવી મારી નાંખવો યોગ્ય છે, અગર જીવતાં તેને લીલા કાંટામાં બાળી દેવામાં આવે તોપણ તેણે કરેલા કૃત્યનું પાપ જાય નહીં તેમ છે.

વિજય—અરે હાય! શું મારા બાપને તે નંદસિંહે ઠેર મારી નંખાવ્યો છે કે! શું આ તમે ખરૂં કહો છો?

કેસરી—હા, હું ઇશ્વરને સાચો માની સત્ય કહું છું.

વિજસિંહ—હવે મેહેરબાની કરીને મને જલદી કહેશો કે, તેણે મારા પિતાને આ કારણથી શી રીતે મારી નાંખ્યો?

કેસરી—તે ઇતિહાસ ઘણો લાંબો છે, અને તે આ પ્રસંગે હું તમને કહી શકતો નથી, જુવો પ્રાતઃકાળ થયો છે, હવે આ સ્થળે આપણે થોભવું યોગ્ય નથી, માટે જો હવે તમને મારા ઉપર વિશ્વાસ બેસતો હોય તો અને તમે મને મિત્ર ઇયા ભાઈ સમજતા હો તો મારા મુકામે તમે ચાલો બે ત્રણ દિવસ આરામ લ્યો, તે વખતે હું તમને સઘળા છુપા ભેદથી સારી પેઠે માહિત કરીશ.

વિજય—બેશક! પ્રિયભાઇ! તમે પૂર્ણ ભરોસાને પાત્ર છો—એક તો તમે અને આ ચંડાળ રાજાના કાવતરામાંથી છુટો હું

રીતે સચેત અને નિર્ભય કર્યો છે. પણ ભાઇ ! મને મોટી દિલગીરી એ છે કે મારી સ્ત્રીની ભાળ મને લાગી નથી.

કેસરી—ભાઇ ! ગભરાતા નહીં, હું બનશે તેટલી ત્વરાથી કુમુદસુંદરીનો મેળાપ કરાવી આપીશ, એટલુંજ નહિ પણ તમારી એક બેહેન છે કે જેનું શરીર જરજરીત હાડપીંજર જેવું થઈ ગયું છે, તેનો પણ મેળાપ કરાવીશ.

વિજય—(આશ્ચર્ય પામીને) શું બોલો છો ! મ્હારે વળી બેહેન છે કે ! અરે હાય ! હું કેટલો બધો અજાણમાં રહી ગયો છું.

કેસરી—હા છે, પણ હાલ વધારે વાત કરવાનો પ્રસંગ તથા વખત નથી. કદાચ વખત છે ને કોઈ દુષ્મનોનો ભેરો થાય ત્યારે આપણે આ વખતે સાધન વિનાના એકલા છીએ, માટે ઉઠો અને મારી સાથે ચાલો—જુવો તો ખરા ! ઈશ્વર કેવી ખુબી કરે છે !

વિજય—નંદસિંહે કોના ઉપર ચીઠી મોકલી હશે ! કેમકે પત્રમાં સરનામ લખ્યું નથી.—જે ચીઠી આપણે વાંચી તે સમજ્યા કે !

કેસરી—હા ! હું તેને પકી રીતે ચોકસ જાણું છું.—તે ઘણો કાવત્રાબાજ, બદમાસ, અને પાગલ છે.—તેને પણ હું છોડવાનો નથી.

એમ કહી થોડીક દૂર તેઓ આગળ ચાલ્યા. એટલે પ્રથમ કેસરીસિંહે કરેલી ગોઠવણ મુજબ બે ઘોડાં તઇયાર રાખેલાં હતાં તે ઉપર બન્ને બેશી આગળ ચાલતા થયા,—થોડીકવારમાં એક પુરાતન ખંડેર પાસે પહોંચતાં કેસરીસિંહે કહ્યું કે આ અમારૂં મકાન છે

માટે ઉતરો—એમ કહીને બન્ને ઘોડા ઉપરથી ઉતરી પડ્યા, પછી ખંડેરની એક કોટડીમાં દાખલ થયા,—એ વખતે વિજયસિંહ આશ્ચર્ય સાથે આજુબાજુના ખંડેરની કોટડીયોમાં પચાસને આશરે મજબુત અને કદાવર લડવૈયા સિપાઇયો કેસરીસિંહનો હુકમ ઉઠાવવાને તઇયાર રહેલા જોયા, બન્ને જણે મુસાફરીનો થાક ઉતારવા આરામ કર્યો,

---

—પ્રકરણ ૭ મું.—

—નેપાળની તળેટીમાં જુનું ખંડેર—

—પોતાની પદવીનું પીછાન.—

બીજે સંધ્યાકાળે તે ખંડેરના ચોગાનમાં હરિયાળી જમીન ઉપર બેશી હવા ખાતાં વિજયસિંહને યાદ આવતાં તેણે કેસરીસિંહને કહ્યું કે ભાઇ કેસરીસિંહ! તમારા વાયદા પ્રમાણે હવે તમે નંદસિંહની કપટજાળ બાજી ખુલ્લી કરશો તે સાંભળવા મને ઘણીજ ઇચ્છા થઈ છે.

કેસરી—હા હું તઇયાર છું—હવે તમે બરાબર લક્ષ રાખીને સાંભળો.—નંદસિંહ નામનો કાસ્મીરમાં એક જમીનદાર હતો. બે વરસ સુધી દુષ્કાળ પડવાથી તંગીમાં આવી જઇ અવેજ ન ભરી શકવાથી તેની જાગીર ઘરબાર જપ્ત થવાથી છેક ખુવાર થઇ ગયો;—નંદસિંહ પાસે એક વિશ્વાસુ ગુમાસ્તો હતો તેનું નામ નંદ કોઠારી હતું.—આવી બરબાદ સ્થિતિમાં નંદસિંહે લાચારી સાથે પોતાની બીના અંગ

બાર રહેલાં હમીના જે કંઈ સૌભાગ્યના ભુજ હતા તે પણ વેચવાનો પ્રસંગ આવ્યો, અને વેચ્યો જેથી આસરે પાંચસેં રૂપીયા ઉત્પન્ન થયા. તેમાંથી ત્રણસો રૂપીયા પોતાની સ્ત્રી બાળ બચ્ચાંના પોષણ માટે સ્ત્રીને આપીને બાકીના બસો રૂપીયા લઇ પોતે કાશ્મિર છોડી દઈ રોજગાર અર્થે દેશાવર રવાને થયા, તે થોડા વખતમાં નેપાળ જઇ પુહોંચ્યા, ત્યાંનો રાજા ઇંદુકલશ નામે પ્રજાપાળ અને દયાળુ હતો તેથી તેની હજુરમાં હાજર થઇને નંદસિંહે પોતાની દુઃખ ભરેલી સ્થિતિ જાહેર કરી,—રાજાને ઘણીજ દયા ઉપજી. વળી નંદસિંહને તાકાતદાર, દ્રઢ, બળવાન અને કદાવર તથા બાહાદુર ક્ષત્રીય જોઇને પોતાની ફોજમાં માન ભરેલી નોકરી આપી;—લશ્કરી નોકરીમાં રહીને પોતાનું પરાક્રમ, ભુજબળ અને શૌર્ય નેપાળના રાજાને નંદસિંહે સંતોષ પામે તેવું વખતે વખત બતાવ્યું હતું તેથી નેપાળ ભુપતિના મનમાં નંદસિંહની બહાદુરી માટે સારો અભિપ્રાય બંધાઇ ગયો,—તે સાથે નંદસિંહનું નિખાલસ દીલ જોઇને વધારે પ્રસન્ન થયો હતો, છતાં એક પ્રસંગે આજુ બાજુ લુટારૂ લોકોએ ઘણો ત્રાસ કરવા માંડયો—તેઓ કોઇથી પકડાતા નહોતા, તેથી તેના ત્રાસથી રૈયત બહુ હેરાન થવા લાગી, તેથી તેવા લોકોને પકડીને શાસન કરવાને નંદસિંહને કામ સોંપ્યું—

અપૂર્ણ.